786 – 92 - 110

A.K.S.i.E.

Association Khojas Shia Isnashri de l'Est

106, rue Henri Morange
97440 Saint André
Ile de la Réunion

Site Web : www.aksie.org

Be ismehi ta'ala

# માહે મુંબારક રમઝાન ૧૪૩૦ દરમીયાન ઈબાદત ખાના મહે ફીલે મુરતુઝા અ૦માં, સવાલ જવાબનો કાર્યક્રમ,



- 01 - સ૦ - મૌલા અલી અ૦,બીબી ફાતેમાતુઝ્ઝહેરા સ૦,ઈમામ હસન અ૦,ઈમામ હુસયન અ૦, તેમજ જનાબે ફીઝા અ૦, ત્રણ દીવસ રોઝા રાખ્યા,તો તેના બદલામાં,અલ્લાહ સુબ્હા નહુ વ તઆલા,તેઓની શાનમાં કયો સુરો નાઝીલ ફરમાવ્યો ?
  - જ૦ - સુરએ દહર { સુરો ન૦: ૭૬, પારો : ૨૯ }

- 02 - સ૦ - આયતે સલવાત { ઈન્નલ્લાહા વ મલાએકતહુ યુસ્વલ્લુના અલન નબી,યા અયોહલ્લઝી ના આમનુ સ્વલુ અલયહે વસ્વલે મુ તસ્લીમા } કયા સુરામાં છે અને કેટલામી નંબરની આયત છે ?
  જ૦ - સુરએ " અહ્ઝાબ " સુરો ન૦ ૩૩ , આયત ન૦ ૫૬ .

- 03 - સ૦ - દુઆએ ઈફ્તેતાહ,આપણા કયા ઈમામે તાલીમ આપેલી છે ?
  જ૦ - આપણા ૧૨ માં ઈમામ,હઝરત મહમ્મદ મહેદી સાહેબુઝ્ઝમાન અ૦

- 04 - સ૦ - આપણા મોલાએ કાએનાત,હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ૦,પૈદા થયા,પછી હ૦ રસુલે ખુદા અ૦ના ખોળામાં,તેઓ,કયા સુરાની આયતની તીલાવત ફરમાવી?
  જ૦ - સુરએ મોઅમેનુન

- 05 - સ૦ - આયતે મુબાહેલા,કયા સુરા તેમજ કયા નંબરની આયત છે ?
  જ૦ - સુરો ન૦ ૩ " સુરએ આલે-ઈમરાન " આયત ન૦ ૬૧.

- 06 - સ૦ - આયતે વીલાયત કોની શાનમાં નાઝીલ થઈ છે ?
  જ૦ - મૌલાએ મુત્તકેયાન,હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ૦

- 07 - સ૦ - " બકીયતુલ્લાહ " આપણા ઈમામે ઝમાના અ૦નું ,એક મુંબારક નામ .આપણી પાક કીતાબ,કુરઆને મજીદમાં કયા સુરા તેમજ કયા નંબરની આયતમાં બયાન કરવામાં આવ્યું છે ?
  જ૦ - સુરો ન૦ ૧૧ " સુરએ હુદ " આયત ન૦ ૮૬.

- ૦૮ - સ૦ - આપણા પયગમ્બર સ૦ અ૦ વ૦,એક વર્ષને " આમુલ હુઝન " એટલે "ગમનુ વર્ષ" નામ રાખ્યુ હતું,તે કયા વર્ષનું નામ છે ?
જ૦ - જે વર્ષમાં,તેમના વહાલા ચાચા હઝરત અબુતાલીબ અ૦ તેમજ તેમની પીયારી પત્ની જનાબે ખદીજા સ૦ અ૦નો,એકજ સાલમાં વફાત થયો,તે વર્ષનું નામ " આમુલ હુઝન " રાખ્યુ હતું .

- ૦૯ - સ૦ - સુરએ માએદાની મુંબારક આયત નં૦૩ તેમજ આયત નં૦૬૭,કઈ જગ્યાએ રસુલે ખુદા અ૦ ઉપર નાઝીલ થઈ હતી ?
જ૦ - ગદીરે ખુમમાં

- ૧૦ - સ૦ - કુરઆને કરીમના,કયા સુરાની તીલાવતથી,રોઝીમાં બરકત થાય છે ?
જ૦ - સુરએ વાકેઆ

- ૧૧ - સ૦ - ઈદની નમાઝમાં સુરએ અલ્હમ્દ પછી કયા બે સુરાઓ પઢવા સુન્નત છે ?
જ૦ - સુરએ આલા અને સુરએ શમ્સ .

- ૧૨ - સ૦ - આયતે તત્હીર,પાક કીતાબના કયા મુંબારક સુરામાં તેમજ કયા નંબરની મુંબારક આયત છે ?
જ૦ - સુરે અહઝાબ આયત નં૦૩૩ .

- ૧૩ - સ૦ - જનાબે જીબ્રઈલ અ૦ની સાત તમન્ના હતી,કે અગરજો તેઓ આદમની ઔલાદમાથી હોત તો જરૂર તેને અમલમાં લીયાવત,તે સાત મહાન અમલ કયા કયા છે,તે દરશાવો ?
જ૦ - ૧}- નમાઝે જમાતમા શરીક થવું .- ૨}- બે મોમીનોના વચમાં સુલેહ કરાવી.- ૩}- બીમારોની મુલાકાત લેવી.- ૪}- યતીમોની મદદ કરવી.- ૫}- આલીમ સાથે બેસવું ૬}- મોમીન અને મોમેનાતના દફન ક્રિયામાં શરીક થવું .- ૭}- હાજીઓને પાણી પીવરાવવું હજના સમયે .

- ૧૪ - સ૦ - નમાઝમાં ,એક શ્વાસમાં,કયો સુરો પઢવો મકરૂહ છે ?
જ૦ - સુરે ઈખલાસ યાને સુરે " કુલ હો વલ્લાહો અહદ "

- ૧૫ - સ૦ - નમાઝના કીરઅતમાં,એવા કયા ૪ સુરાઓ છે,કે જે ૨ - ૨ કરીને પઢવું જોઈએ ?
જ૦ - સુરએ ઝોહા અને નશરહ એક સાથે,તેમજ સુરએ ફીલ તથા સુરએ કુરૈશ એક સાથે.

- ૧૬ - સ૦ - કુરઆનનો સૌથી છેલ્લો સુરો કયો નાઝીલ થયો છે ?
જ૦ - સુરએ નસ્ર .

- ૧૭ - સ૦ - શું સજદાની આયત,રેડીયો અથવા ટેપમાં સાંભાળવાથી સજદો કરવું વાજીબ છે ?
જ૦ - જી નહી .

- ૧૮ - સ૦ - મૌલા અલી અ૦ની કબ્ર કોને તૈયાર કરેલી હતી યાને કોને ખોદેલી હતી ?
  જ૦ - હઝરત નુહ નબી અ૦

- ૧૯ - સ૦ - મૌલા અલી અ૦ના હરમમાં,કયા કયા નબીઓની કબ્ર મુંબારક મૌજુદ છે ?
  સ૦ - હઝરત આદમ અ૦ તેમજ હઝરત નુહ અ૦.

- ૨૦ - સ૦ - હઝરત ઈમામ હુસયન અ૦ના કપાએલા માથાએ,શામના બાઝારમાં,કયા સુરા તેમજ તેમની કઈ નંબરની આયતની તિલાવત કરી હતી ?
  સ૦ - સુરએ કહ્ફ આયત નં૦૯ .

- ૨૧ - સ૦ - હઝરત રસુલે ખુદાએ,કયા સુરાને ખાનએ કાબાના દીવાર પર,ચેલેંજ રૂપે લટકાવ્યા હતા ?
  જ૦ - સુરએ કવસર .

- ૨૨ - સ૦ - હઝરત ઈસા નબી અ૦મે,આપણા પયગમ્બર હઝરત મોહમ્મદ મુસતફા સ૦ અ૦ વ૦ ની આવવાની ખુશખબરી આપેલી હતી,તે આપણી પાક કીતાબના કયા સુરા તેમજ કયા નંબરની આયતમાં દરશાવામાં આવેલું છે ?
  જ૦ - સુરએ સફ આયત નં૦૬ .

- ૨૩ - સ૦ - આપણા નબી સ૦ અ૦ વ૦મે,આ ૪ મહાન હસતીઓ માથી,કોને સુરએ કુલહોવલ્લાહ નુ ઉદાહરણ (exaple)કહ્યું છે ? -૧}- મૌલા અલી અ૦.-૨}- બીબી ઝહરા સ૦ અ ૦.૩}- ઈમામ હસન અ૦.-૪}- ઈમામ હુસયન અ૦.
  જ૦ - મૌલા અલી અ૦.

- ૨૪ - સ૦ - પાક કીતાબ કુરઆને મજીદના કયા સુરાઓને " મઉઝતયન " કહેવામા આવે છે ?
  જ૦ - સુરએ " કુલ અંઉઝો બેરબ્બીલ ફલક " અને સુરએ " કુલ અઉઝો બેરબ્બીન્નાસ "

- ૨૫ - સ૦ - કુરઆને કરીમમાં,કયા સુરાને ઈમામ હુસયન અ૦નો સુરો કહેવાય છે ?
  જ૦ - સુરએ વલ ફજ્ર

---------------oOo---------------

## માહે મુંબારક રમઝાન ૧૪૩૦ની યાદગીરી

અલ્લાહ સુબ્હાનહુ વતઆલા,બે હકકે અઈમ્મએ માસુમીન અલયહીસ્સલામ,આ માહે મુબારક રમ-ઝાનની મહાન રાત્રીઓમાં,આપણા ઈલ્મમાં વધારો કરે.અને અમલ કરવાની તૌફીક નસીબ થાય, અને બધી ઈબાદતો કબુલ થાય, આમીન.

એક સુરએ ફાતેહા પઢી, કુલ મરહુમ મોમેનીન વલ મોમેનાતના રૂહોના સવાબ અર્થે બક્ષી આપે.

ભા વસ્રામના દુઆ તથા સલામ સ્વીકારશો.